Research Review
The Refereed & Peer Review International Journal
www.researchreviewonline.com

ISSN: 2321- 4708
Oct 2016, Year - 3 (42)
Paper ID: RRJ193788

# ગુજરાતની આદિવાસીકલા : પીઠોરકલા વિશેષ સંદર્ભમાં

**ડો.શૈલેશકુમાર બી સોલંકી**
એસોસિયેટ પ્રોફેસર,ઈતિહાસ
એસ.પી યુનિવર્સીટી, વલ્લભવિદ્યાનગર

કલા, કલાનો ઇતિહાસ એ વાત ઉપલી જ્ઞાતિઓ કે ભદ્ર વર્ગનો ઇજારો નથી. પરંતુ પ્રકૃતિના સાનિધ્યમાં જીવન જીવતા આદિવાસીઓ પણ કલાનો ગૌરવ વારસો ધરાવે છેસદીઓથી લીલાછમ વન . અને ડુંગરાળ પ્રદેશમાં જીવન ગુજારનાર આદિજાતિના સમૂહો એ ધરતીના ખોળે વનવાસી સંસ્કૃતિનો વિકાસ કર્યો છે.આદિવાસીઓ માટે તેમના જીવનને પ્રસન્ન અને રસમય બનાવવા માટેકલાનું સર્જન આવશ્યક છે . આદિવાસી પ્રજા પાસે પોતાના આગવા રીતરિવાજો માન્યતાઓ અને કલાના પારંપારિક વારસો રહેલો છે.જેને આપણે આદિવાસી સંસ્કૃતિના નામે ઓળખીએ છીએ. પ્રાચીનકાળથી માનવે અંતરની ઉર્મીઓને પ્રગટ કરવા માટે ગુફાઓ, ઘરની છતઓ અને ઘરની ભીંતોનો ઉપયોગ કરતો આવ્યો છે એટલું જ નહીં પણ તે આધુનિક ટોળાઓ વચ્ચે કડી સમાન બની રહેલ છે.જે . આદિવાસીઓમાં પણ જોવાય છે. આદિ કાળથી ચાલી આવતી આદિવાસીઓની ચિત્રોની પરંપરા ધર્મ સામાજિક પ્રસંગો ઉત્સવો અને તેમના જીવન સાથે જોડાયેલી છેઆદિવાસીઓ દ્વારા બનાવવામાં આવતા . ચિત્રો મુખ્યત્વે કરીને લગ્ન પ્રસંગ ને લગતા વધુ હોય છે. કારણ કે લગ્ન અને તેમના જીવનનો મહત્વનો સામાજિક પ્રસંગ ગણાય છે જેમાં રાઠવા આદિવાસીઓની પીઠોરો .કલા કલા ના ઈતિહાસમાં મહત્વપૂર્ણ છે. પીઠોરો કલર એ રાઠવા આદિવાસીઓની ચિત્રકલાનો એક ઉત્તમ નમૂનો છેજેને તેઓ .” બાબો પીઠોરોના” નામે સંબોધે છે .[૧]પીઠોરો કલા માં તેમના સમાજ જીવનની સાથે સં . કલાયેલા તમામ ચિત્ર વાર્તાઓ સાથે સંકલાયેલ છેઆ કલાકૃતિ ગુજરાત રાજ્યના વડોદરા., પંચમહાલ અને દાહોદ વિસ્તારના રાઠવા આદિવાસીઓમાં જોવા મળે છે.[૨] જ્યારે મધ્યપ્રદેશમાં અલીરાજપુર ના ભીલાલા આદિવાસીઓમાં જોવા મળે છે[૩]. આદિવાસી રાઠોડ પીઠોરો ભીંત ચિત્ર દોરવાની માનતા કરે છેઆ રાઠવા રોગમુક.ૃતિ માટે જમીનમાં ઉત્પાદન વધારવા પશુ, પ્રાણીઓ દુધાળા અને ઉપજવાળા આપનાર થાય તે માટે તથા ઘરમાં કોઈ સંતાનની પ્રાપ્તિ ન થતી હોય અથવા તો હોય તો માંદગી માં રહેતું હોય તો તેમાંથી મુક્ત થવા માટે ઘરમાં સંપૂર્ણ શાંતિ રહે તે માટે પીઠોરો ભીંતચિત્રો નું નિર્માણ કરાવે છે.જેની પાછળનો હેતુ સામાજિક ધાર્મિક છે .[૪]

**પીઠોરો ભિતચિત્ર કલાનો પ્રારંભ :**

ઈ.સ ૧૦મી- ૧૧મી સદી દરમિયાન માળવાના રાજા ભોજનું શાસન ચાલતું હતું. તે સમયથી આ કલા ચાલુ થઈ છેરાજા ભોજના સમયમાં તેમના રાજ્યમાં દુષ્કાળ પડ્યો .. આ દુષ્કાળના નિવારણ માટે

ISSN: 2321- 4708
Oct 2016, Year - 3 (42)
Paper ID: RRJ193788

રાજા ભોજે વરસાદના દેવ પીઠોરા ની માનતા રાખીઆ માનતા પૂરી કરવા માટે તેમણે પોતાના રાજ્યમાં . એક પ્રસંગ ઉજવ્યો તેની સ્મૃતિ રૂપે હાફેશ્વર ના સ્થળે પથ્થર ઉપર બાળવાની ઢાંકવો એવા ચિત્રો કોતરેલા છે. જેને આ રાઠવા જાતિ પોતાના ઘરની દીવાલો પર ચિત[5] આવે છે હાલમાં પણ રાઠવા આદિવાસીઓ કેટલાક વડવાઓ અખાત્રીજના મહિને પૂનમના દિવસે ત્યાં સ્નાન અને દર્શનાર્થે મરઘુ કે બકરું લઇને જાય છે જોકે હાલમાં આ અવશેષો નર્મદા નદીના પાણીની સપાટી વધતા પાણીમાં ડુબમાં ગયેલ આ પીઠોરા નો ઉત્સવ રાખવા આદિવાસીઓમાં પોષ મહિનાથી શરૂ થાય છે.જે વૈશાખ મહિના સુધી ચાલતો હોય છે .[6] આ ઉપરાંત રાખી પીઠોરા પણ ઉજવવામાં આવે છેજે શ્રાવણ માસમાં રાખડી બાંધ્યા પછી શરૂઆત થાય છે અને અષાઢ મહિના સુધી તેને ઉજવવામાં આવે છે[7]

**પીઠોરાનું કથાવસ્તુ :**

રાજા પોતાના રાજ્યમાં પાણી જવાની તૈયારી રૂપે રાજ્યમાં રહેતા કરતા કુંભારને માટલી બનાવી લાવવાનું કહે છે. કણકા કુંભાર કોદાળી લઈને ધરતીમાતા પર કોદાળી નો ઘા કરવાનો પ્રયત્ન કરે છે. પણ એટલામાં ધરતીમાતા લડકા કુંભારને ઘીદૂધનો દીવો કરી પછી કોદાળી નો ઘા કરવા-નું સૂચવે છે . એટલે કુંભારની કુંભારણ દૂધમાંથી ઘી બનાવવા લાગે છે પણ .દૂધ માંથી ઘી ન બનતા તે દૂધ જમીન પર ઢોળી દે છે આમ જમીન પર ઢોળાયેલા દૂધમાંથી. દુધા રાવળ ની ઉત્પતિ થાય છેમાટે તે દુધા રાવળ તરીકે . ઓળખાય છે. એક દિવસમાં આ દુબળો-પાતળો દુધો રાવળ રાજાના દરબારમાં જાય છે. પરંતુ રાજા તેને આશ્રય આપવાના બદલે ત્યાંથી કાઢી મૂકે છેએ સ .મયે દુધા રાવળના ચાલવાથી કંકુ ના પગલા પડે છેઆ . જોઈને આશ્ચર્યચકિત થયેલી રાજા ની બેન દુધા રાવળ ની પાછળ ભાગી જાય છે .આથી રાજા તે બંનેને પકડી લાવવા આદેશ કરે છેપરંતુ એટલામાં આ બંને ગંગા જ .મના પાર કરી સામા કાંઠે બેસી પ્રેમ ભરી વાતો કરે છેથોડા સમય પછી પેલી કું.વરી ઇન્દ્રરાજ, 'રાણી કાજળ, કાળી કોયલ આભો કણબી પુરાણો દેવ વગેરે ને જન્મ આપે છે. ઈન્દ્ર રાજા ની એક બેન તે કાળી કોયલ તે આંબાવાડિયામાં રહેતું હોય છેતેને કુંજા રાણાના . સીનાળથી મહિના રહેવા લાગે છે આ બાળક તે પીઠોરો તરીકે ઓળખાય છે. તેને નદીમાં વહાવી દે છે. તે . રાણી ને મળે છે અને રાણી તેને મહેલમાં ઉછેરે છેઆમ પીઠોરો ઈન્દ્ર રાજા નો ભાણેજ બને છે. પીઠોરો મોટા . થતા તેના લગ્ન ઈન્દ્ર રાજા દ્વારા આયોજન કરવામાં આવે છે. તેમાં બધા દેવી-દેવતાઓને આમંત્રણ આપવામાં આવે છે. એટલે પીઠોર ચિત્રકલામાં પૃથ્વી પરના બધા દેવદેવીઓ પ્રાણ-ીઓને સવારી સાથે ના ચિત્ર દોરવામાં આવે છેઆથી જ આ આદિવાસીઓ પીઠોરો પ્રસંગો ઉજવ્યા પછી બે-ત્રણ વર્ષે પીઠોરા . ના લગ્ન નું આણું વળાવવા પાંગણ પૂજે છે એટલે.પીઠોરકલા આદિવાસીઓની સમગ્ર જીવન વ્યવસ્થાનું નિરૂપણ કરતી ધાર્મિક કલાકૃતિ છે.

**પીઠોરા નું સ્થાન:**

પીઠોરો ઘર ના બારણા માં થી બહાર નીકળતા જમણી બાજુ આવતી વચ્ચેની દીવાલ કે ખપેડા ઉપર ચિતરવામાં આવેછે. પીઠોરાનું ચિત્ર ઘરની મુખ્ય ત્રણ દીવાલો પરના ચિત્રો છે. [૮] એટલે કે ઘરની દિવાલમાં બારણું વચ્ચે આવતું નથી. પીઠોરો ઉત્સવ પહેલા રોજ એક વખત એમ સાત દિવસ કુંવારી કન્યાને પીઠળ ની દીવાલ ને છાણ માટી લીપે છે[૯] પીઠોરા નો ઉત્સવ બુધવારે ઉજવવાનો હોય છે. તેને આગલે દિવસે એટલે કે મંગળવારને દિવસે જે ભીત પર પીઠોરો ચિતરવાનો હોય તે દીવાલને સફેદ કલરની માટલી થી ધોળી ને સફેદ કરવામાં આવે છે. જેને પાંડુ ધોળવુંની વિધિ કહેવામાં આવે છેઆ સફેદ રંગની . માટી કડા ગામની સીમમાંથી મંગળવારના દિવસે પાંચ કુંવારી કન્યાઓ પાંચ નવી ટોપલી લઈ માટી લેવા પડવાની સાથે જાય છે. અને ત્યારે સાથે મરઘાને પણ લઈ જાય છે અને તેનો ભોગ આપ્યા પછી તે માટીને ટોપલીમાં ભરવામાં આવે છે.[૧૦] ત્યારબાદ આ માટીને લગાવ્યા પછી માટલામાં પલાળી સફેદ કપડાનો ટુકડો બોળી તેને દીવાલને સફેદ બનાવે છે. જો કે હાલના સમયમાં રાખવા લોકો ભણેલા મકાનમાં પીઠોરો ચીતરવા ન હોય તે દીવાલને જુના ની અંદર થોડીક સફેદ માટી લાવી પલાળી દે છે . આખી દીવાલ સફેદ કલર થી ધોળવા માં આવે છે. બરાબર આજ વખતે કેટલીક સ્ત્રીઓ પણ પીઠોરા ને લગતા ગીતો ગાતી હોય છે.ભીત ને આપવાનું કામ એ કુવારી કન્યા કરી શકે જ્યારે ભીંતને પાંડુ વળે ધોડવાનું કાર્ય પુરુષો દ્વારા કરવાનો રિવાજ છે .ચુના થી ભીતને ધોડે તે દિવસ મંગળવાર હોવો જોઈએ.[૧૧]

**પિઠોરા ચિત્રકલા ના ચિત્રો અને તેનું મહત્વ:**

પીઠોરો કલાનું ચિત્રકામ એ મુખ્યત્વે બે ભાગમાં કરવામાં આવે છે.(૧) મુખ્ય નકશીકામ (૨) ગોણ નકશીકામમુખ્ય નકશીકામ નુ ચિત્રકામ પીઠોરા ની દિવાલ ઉપર મુખ્ય ચોકમાં કરવામાં આવે છે.. જ્યારે ગોણ નકશીકામ મુખ્ય ચોક ની બે બાજુની દીવાલ પર કરવામાં આવે છે મુખ્ય નકશી સિવાયનું બીજું. ચીતરવાનું કામ બીજા માણસો અને બાળકો પણ કરતા હોય છે .[૧૨]

**મુખ્ય ચોક નકશી:**

પીઠોરોનુ ચિત્રકામ દિવાલ ઉપર ૨ ૪૦.* 1.80 ના લંબચોરસ વાળા મુખ્ય ભાગમાં ચિતરવામાં આવે છે. આ લંબચોરસ એ સુતરની દોરી વડે દોરવામાં આવે છે. આ લંબચોરસ ને ચાર છેડા હોય છે. અંદર સૃષ્ટિની રચના થાય છે કિનારે ની બેવડી રેખામાં દોરવામાં આવે છે.પછી રેખા ઉપર ડુંગર જેવી ત્રિકોણ ,આકૃતિને હાર મુખ્ય લખારા સિતારાઓ દોરે છે.જ્યારે સહાયક સિતારાઓએ તેમાં વિવિધ રંગો પૂરે છેઆ . મુખ્ય ચોકમાં નીચે મુજબના ચિત્રો દોરવામાં આવે છે.

૧. બાબો ગણેશ કાર્યની --શુભ શરૂઆત કરનાર .

૨. હોરર દેવ-- આમંત્રણ આપનાર

૩. ઇન્દ્રરાજ લીલો ઘોડો

ISSN: 2321- 4708
Oct 2016, Year - 3 (42)
Paper ID: RRJ193788

૪. પીઠોરો

૫. પીઠોરી

૬. રાણી કાજલ-- પીઠોરા ની પાલક માતા

૭. જીતુ રાણો-- પેન્ટર

૮. નગાર સિંહ --- ગામને એક કરનાર

૯.નિશાન વાળો

૧૦. સુરજ

૧૧. ચાંદો --જીવનમરણના સાક્ષી-

૧૨.કાણો તારો

૧૩.હાલુણ

૧૪. ઊંટ

૧૫.ચોર ઘોડી-- આગળ લૂંટવાનું કાર્યને પાછળથી જોવાનું કાર્ય

૧૬. ચોરાસી ઘોડી-- ચાર ખંડ ની ઘોડી તે ચોરાસી ઘોડી

૧૭. દરવાજો પહેરેદાર વાઘ--- ગામમાં વસતા લોકોનું રક્ષણ કરનાર

૧૮. રાજા રાવણ --દસ મસ્તક અને હાથ માં તલવાર ધારણ કરનાર

૧૯. લખરી જોખારી-- લેખ લખનાર

૨૦. કોઠાર વાણીયા ની દુકાન

૨૧. ગોડ વેલ

૨૨. ડોરીવાળા --ઉંચકી લઇ જવાનું કામ કરનાર

૨૩. શ્રવણ -- આંધળા ની સેવા કરનાર

૨૪. પનિહારીને બે વાવડી

૨૫. ઢોલી વાજા

૨૬. ભરવાડ

૨૭. ભેંસને પાડું

૨૮. કણબી -- ખેતી કામ કરનાર

૨૯. બિલાડી

30 કૂતરો

૩૧. ખાલી

૩૨. પખાલ

ISSN: 2321- 4708
Oct 2016, Year - 3 (42)
Paper ID: RRJ193788

૩૩ આટલો

૩૪. વાંદરા

૩૫. મરઘા

૩૬. ચામરા

૩૭. મોર

૩૮. વીંછી

૩૯. કોળીયાની તાતે વાંદરી

૪૦. ગુગણ

૪૧. સાપ

૪૨. પાણી રાવ

૪૩. એક ટાંક્યો દેશ

૪૪. સુપ્પડ કાન્યો દેશ

૪૫ . બે પોપટ

૪૬. પંખા વીઝણા

૪૭. નગારા

૪૮. હાથી-- રામ સવારી જે રાજાભોજ તરીકે ઓળખવામાં આવે છે

૪૯. મહુડી રાઠવા લોકોનું કલ્પવૃક્ષ તે.

આ ઉપરાંત આ મુખ્ય ચોકની બંને બાજુએ નાના ચોક હોય છે. જેમાં જતા જમણી બાજુના ચોકમાં પાંચ ઘોડાના હોય છે [૧૩] જ્યારે ડાબી બાજુ ચોરાસીના ઘોડા બે ખંડ ના ઘોડા કે ઉત્તર અને દક્ષિણ કદના હોય છે આખાત્રીજ ના ઘોડા ઓં માં જે ઘરે પીઠોરો ચિતરવાનો હોય તેમના વડવાઓ દાદા કે તેમના પિતા કુટુંબનો વડો કે કોઈ કારણસર શહીદ કે મૃત્યુ પામ્યો હોય તેના પાળિયા સ્વરૂપે સ્થાન આપવામાં આવે છેપીઠ.ોરા ની મુખ્ય નકશીમાં કરવામાં આવતા ચિત્રો પણ હાર હોય છે ચિત્ર નો આરંભ હોમે ટીકાકારોની ફ્લાઇટ મુખ્ય ભાગની બિહારમાં જમણી બાજુથી શુભ શુકન રૂપે હાથમાં હુકો ધરેલા ગણપતિનો વાદળી રંગના ટપકા કરેલ થોડા પર સવારી વાળા ચિત્ર થી કરવામાં આવે છે જેને રાઠવા ઓ બાબો ગણેહના નામે સંબોધે છે. રાઠવાઓમાં તેનું મહત્વ આ સંપૂર્ણ પ્રસંગ ખુબ સારી રીતે કોઇપણ પ્રકારના વિઘ્ન વગર પોરો થાય તેમજ તે ઘરનું કોઇપણ કાર્ય ગમે તે સમયે કોઇપણ પ્રકારના વિઘ્ન વગર પોરના કરે તે હેતુથી દોરવામાં આવતું હશે. ત્યારબાદ મુખ્યચોકની બીજી હારમાં ઇન્દ્રરાજાનો લીલો ઘોડો સવારી વગરનો ચિતરવામાં આવે છે. જેની પાછળનું રહસ્ય એ છે કે મામા ભાણેજ ની લડાઈ વખતે ઇંદ્રરાજની રાણી તેમને ભાણેજને મારવાનું જણાવ્યું. ઊલટાનું ભાણેજ નું ઋણ અદા કરવા સૂચવ્યું ત્યારે ઈન્દ્ર રાજા જે ઘરની બહાર

પાટલામાં ગરાહ  લીધો હતો.  ત્યારે પીઠોરો ઘરમાંભીતે ગરાહ લીધો હતો. આથી પીઠોરા ઉત્સવ વખતે કણબી ની ડાળો રોપે ત્યાં પાટ પૂરી  ઈન્દ્ર રાજા ની પૂજા કરવામાં આવે છે. ઈન્દ્રરાજા એ વરસાદના દેવ છે. જેથી ખેતીવાડી અને ધનની વાડીઓમાં લીલાલેર કરનાર દેવ છે.[૧૪] ત્યાર પછી ત્રીજા ક્રમે પીઠોરીનો ઘોડો સવારીવાળો ચિતરવામાં આવે છે. ત્યાર પછી ચોથા ક્રમે  પીઠોરી વાણીનો સવારીવાળો લાલ રંગનો ઘોડો ચિતરવામાં આવે છે. અને પાંચમા ક્રમે પીઠોરાના ઉછેર કરનાર રાણી કાજલ નો સવારીવાળો ઘોડો ચિતરવામાં આવે છે. ત્યાર પછી છઠ્ઠા ક્રમે જીતુ રાણા પેન્ટરનો સવારી વાળો ઘોડો ચિતરવામાં આવે છે. જે લાલ રંગનો ઘોડો હોય છે. ત્યાર પછી સાતમા ક્રમે લાલ રંગના ઘોડાની સવારી વાળા નારસિંગ નું ચિત્ર ચિતરવામાં આવે છે. જેને ગામના  દેવના નામે ઓળખવામાં આવે છે. જે ગામની સમસ્યા સુખાકારી રાખે છે . ત્યાર બાદ છેલ્લા આઠમા સામે નિશાન વાળા દેવ નો સવારીવાળો ઘોડો ચિતરવામાં આવે છે. મુખ્ય ચોક ની સૌથી ઉપરના ભાગમાં બીજી હાર ચિતરવામાં આવે છે. તેને વચ્ચેથી વાંકીચૂકી રેખાથી બે ભાગ પાડવામાં આવે છે. આ હારના ઉપરના છેડે સૂર્ય ચંદ્ર હોય છે. પ્રકૃતિની ગોદમાં જીવનાર માટે સૂર્ય, ચંદ્ર, ધરતી, આકાશ જીવંત દેવ બની શકે છે. રાઠવા માટે આ ભૌમિતિક  તત્વો જીવન-મરણના સાથી છે. [૧૫] આ હારમાં જમણેથી પ્રથમ વાદળી રંગનો સવારીવાળો હોઢવ દેવનો ઘોડો ચિતરવામાં આવે છે. બાબો હોઢવ દેવ તે બધા દેવ નો ભોમિયો છે. દેવોને આમંત્રણ દેવાનું કામ તેનું એટલે તેને પ્રથમ ચિતરવામાં આવે છે. હોઢવદેવ ના ઘોડાના પગના ડાબલા નીચે સાપ, વીછી, ભમરાની હાર  અને લાંબા પૂંછડી વાળો મામો કરોળિયાનું ચિત્ર દોરવામાં આવે છે. ત્યાર પછી મુખ્ય ચોકની બીજી હારમાં અનુક્રમે મોર,વીછી, ભમરા ની જોડી દોરવામાં આવે છે. ત્યારપછી ચોર ઘોડી તે આગળ લૂંટવાનું કાર્ય અને પાછળથી જોવાનું કામ કરે છે. આ છોડ ગોળી તે બે માથાવાળી એના પછી ઊટ  પર સવારી કરતા હાદરરાજા દેવને ચિતરવામાં આવે છે. તે પશુઓની તંદુરસ્તી ના માલિક છે. એ જ રીતે તેના પછી હાલુનનું ચિત્ર દોરવામાં આવે છે અને છેલ્લે એક ટાંક્યો અને સુપર કન્યા નું ચિત્ર દોરવામાં આવે છે. મુખ્ય ચોકની  ત્રીજી હારે સૌથી નીચે ચિતરવામાં આવે છે. જેમાં તેમના જીવનની પ્રવૃત્તિઓનું ચિંતન થાય છે. જેમાં અનુક્રમે તાડ  અને તાડ પર ચડતો માણસ, હુંકો ગગડાવતા તો હાથીની અંબાડી ઉપર સવાર થયેલો રાજાભોજ, કુકડી, માછલી, હાથમાં બે સાપ તલવાર લઈને ઊભેલો બાર  માથા નો ધણી રાજા રાવણ, સાવજનો શિકાર કરતો ડામોર દેવ, વાણિયાવડ ની ગાડી પાણીની વાવ, ખેતરો અને હળ ચલાવતા આપો કણબી, ગાય, માણસ અને ભરવાડ, વાછરડું ,દહીં વલોવી છાસ બનાવતો માણસ.

આ ઉપરાંત જ્યાં જગ્યા જણાતા વાંદરા, ભૂડ,  સિપાઈ, બંદૂક, ભમરો, મધમાખી નો પુડો વગેરે નાના મોટા ચિત્રો જીવ-જંતુઓ આ નકશીકામ-માંથી કરવામાં આવે છે. સાથે સાથે મહુડાનું ઝાડ દરવાજો તેના ઉપર વાઘની ચોકી  ચિત્રો થી ભરી દેવામાં આવે છે. ચિત્ર પૂર્ણ થાય ત્યારે છેલ્લે મુખ્ય ચોકના દરવાજાની બન્ને બાજુ વાઘ દોરવામાં આવે છે તે બધાની રક્ષા કરે તેવી માન્યતા રહી છે.[૧૬] આ ઉપરાંત મુખ્ય

ચોકની બંને બાજુએ નાના ગોળ ચોક આવે છે જે ઘરમાં પ્રવેશતા મુખ્ય ચોક જમણી બાજુ ચોકમાં બહારમાં ખત્રીના પાંચ ઘોડા દોરવામાં આવે છે. આ પાંચ ઘોડા તે પીઠોરો ઉત્સવ ઉજવનાર માલિકના કુટુંબના દાદા કે પૂર્વજોને સ્થાન આપવામાં આવે છે. પીઠોરોકલામાં રાખવા પોતાના મૃત પિતૃઓને યાદ કરી તેમને પણ દેવપૂજામાં બેસાડે છે. આ માટે તેઓ પાલીયાની મુખ્ય ચોકની બારણાની વચ્ચે પિતૃઓના પાળિયા તરીકે પાંચ ઘોડા ચિતરવામાં આવે છે. .એવી જ રીતે મુખ્ય ચોકની ડાબી બાજુએ ચોરાસીના ઘોડા ચિતરવામાં આવે છે. એટલે આ ભાગમાં ગામના જે મહાન હોય છે તેમને ચોરાસી ખન્ના દેવ તરીકે સ્થાન આપવામાં આવે છે એટલે કે ક્યારેય તે પણ ઘરની વ્યક્તિ બહારગામ હોય કોઈપણ કાર્ય માટે ગઈ હોય તો પણ તેમાં વિઘ્ન રૂપ ન થાય.

**ગૌણ નકશી ( ચોક ) :**

ભીત ઉપર નું મુખ્ય ભાગનું ચિત્ર કામ પૂરું થયા પછી તેની બંને બાજુએ ભીત ઉપર ગૌણ નકશી ચિતરવામાં આવે છે. જેમાં લગ્નના વાજા વગાડનાર સવારી સાથે નગરીવાળા ઘોડાનું નગારાખાનું હાથીખાનું પ્રાણી અને નકટી ભૂતની સફેદ માંડી ઘોડી ધરવામાં આવે છે. આ નકટી ભૂતને મેલી વિદ્યાની દેવી ગણાય તેથી તેના ચિત્રની જગ્યાએ ચૂનાથી પાંડું ઢોળવામાં આવતું નથી. કન્હેરીમાતાની લાલ ઘોડી મોટર અને અન્ય પશુઓની તેમજ ક્યાંક એક ખૂણામાં સ્ત્રીપુરુષ મૈથુનનું ચિત્ર ચિત્ર દીવાલની પર ફાળો - .ભરવામાં આવે છે અહીં ઉત્તર દક્ષિણ દિશાના ચોરાસી ખન્ના ઘોડા બેસાડવામાં આવે છે.

**પીઠોરો કલાની સાધનસામગ્રી:**

રાઠવા આદિવાસીઓમાં પીઠોરોનું ભીત ચિત્ર દોરવા માટે નું કામ પરંપરાગત કુશળ ચિત્રકારો કરે છે તેમની પાસે આ કામ કરવા માટે વિવિધ પ્રકારની સાધન સામગ્રી રાખવામાં આવતી હોય છે.

**૧. ઓળંબો અને દોરી:**

પીઠોરો કલામાં ચિત્રની શરૂઆત દિવાલ પર લંબચોરસ લાઈનો દોરી ને કરવામાં આવે છે તે માટે સુતરની દોરી અને ઓળંબો તેઓ સાથે રાખે છે.

**૨. બીબા:**

પીઠોરા ના ચિત્રો માં આવતા બળદ, ઘોડા, વાઘ અને હાથી ની આકૃતિ દોરવા માટે લાકડાના બીબા વાપરે છે. તેને તેઓ ડીબા કહે છે.[૪૧] આ બીબા દરેક ગ્રુપના ચીતારાઓ પાસે એક સરખા માપનાં નથી હોતા જોકે મુખ્યત્વે કરી નીચે મુજબના માપના બીબા વધુ જગ્યાએ જોવા મળે છે. પોપટનું બીબું, લંબચોરસ બીબું, લખારી જોખારી ખુરશીનું બીબુ, ઘોડાનું બીબુ વગેરે. ઘોડાના બીબામાં માત્ર ધડ હોય છે. કદના આધાર વિના બીજા કોઈ મદદ લખારાને આ બીબાથી મળતી નથી. પગ પુછડી ચપ્પા વડે દોરવામાં આવે છે. ઘોડા નું બીબું 24 મીટર લાંબુ અને ૧૩ મીટર પહોળું હોય છ. આ બેબાને દીવાલ કે ભીત સરખું

ISSN: 2321- 4708
Oct 2016, Year - 3 (42)
Paper ID: RRJ193788

રાખી તેની ફરતે ચપ્પુ વડે રેખા દોરવામાં આવે છે. બળદનો બીબું ૨૦ સેમી લાંબુ અને ૧૦ સેમી પહોળું હોય છે. તેના પગ, પૂછડું અને મ્હોનું ચપ્પા વડે આલેખન કરવામાં આવે છે. તેમાં રંગ પુરવાથી ચિત્ર આખું જાણે સજીવન બની જાય છે. વાઘનું બીબુ ૨૩ સેમી લાંબુ અને ૧૦ સેમી પહોળું હોય છે .આ બિબાનો આધાર લઈને ચિતારાઓ વાઘના શરીરનું કદ દોરે છે.પગ,પૂછડું, અને મ્હોનું ચપ્પા વડે આલેખન કરવામાં આવે છે.

**૩:પીછી** .

બિબાની મદદથી ચિત્ર દોર્યા પછી તેને આકાર આપવા માટે પીછીનો ઉપયોગ કરે છે.આ પીછી તે વાસમાંથી કે વાદવાય્ના દાતણમાંથી બનાવવામાં આવે છે. આ પીછી ૫ થી ૭ ઈચ્છા લાંબી હોય છે. સાથે સાથે ચિત્રો દોર્યા પછી રંગા પુરવા માટે રંગા કોઈ વાટકી કે ડબ્બામાં ન રાખાતા તેને ખાખરાના પાંદડા માંથી બનાવેલા પડિયામાં લેવામાં આવે છે.

**૪:કલર** .

પીઠોરાના ચિત્રોમાં મુખ્યત્વે કરીને લાલ, કેસરી, પોપટી, પીળો, લીલો, રૂપેરી, સોનેરી, વાદળી રંગનો ઉપયોગ થાય છે. તેમાં પ્રમુખ સોનેરી અને તેલી કલરનો ઉપયોગ વધુ પ્રમાણમાં થતો જોવા મળે છે. પીઠોરામાં કાળા રંગનો ઉપયોગ કરતા નથી કેમ કે કાળો રંગ અપસુકનીયાળ ગણે છે. આ સુકા રંગમાં ગાયનું દૂધ અને દારૂ નાખી લાંબા સમય સુધી ટકી રહે એટલે પાકા બનાવવામાં આવે છે. રંગોમાં નાખવામાં આવતું દૂધ ગાયનું હોય છે અને દારૂ મવડા નો તાજો કડક અને કોઈપણ પ્રકારના ઉપયોગમાં લેવાયા વિનાનો પવિત્ર હોવો જોઈએ તેવી માન્યતા છે. અને જો ગાયનું દૂધ ન મળે તો બકરી ના દૂધ નો ઉપયોગ કરવામાં આવે છે. રાઠવા આદિવાસીઓ પીઠોરો ચિતરવા માટે આ કલર બજારમાંથી લાવતા હોય છે તેમાં પણ આ કલર ગોધરા અને છોટાઉદેપુરમાંથી વોરા લોકો પાસેથી પ્રાપ્ત થાય છે .

**પીઠોરા કલાનું મહત્વ:**

કલાકૃતિ કોઈપણ કાલની હોય થતાં તે કૃતિ તત્કાલીન ગણનાપાત્ર કૃતિ હતી તે સ્વીકારી આગળ ચાલવાનું છે. જો તેમ ન હોત તો આજે પણ તે જ પ્રસિદ્ધ રહી છે. તેનું રહસ્ય પામવાના કારણોથી આપણે અજ્ઞાન છીએ તે સ્વીકારવું રહ્યું. કલાકૃતિના ઊંડાણમાં ઘણા રહસ્યપૂર્ણ તત્વો છુપાયેલા છે તે શોધવાનો પ્રયત્ન પણ રસપ્રદ બની શકે છે. આદિવાસીઓના જીવન વ્યવહારમાં સાંગોપાંગ ઘણા કલા વણાયેલી છે. શિક્ષિત સમાજ તેમને પછાત કે અશુભ માને છે તે વાત ખોટી છે. લોકકલામાં આનંદી વિષાદના આર્વિભાવ સ્વભાવિક છે. લગ્ન, ધર્મ કે સારામાઠા પ્રસંગોએ તે કલાકૃતિ સમક્ષ આવી પહોંચે છે - અથવા તો ભીત પર કલાકૃતિ સર્જે છે. ચિત્રકલા માત્ર પુરુષ કલાકારો દ્વારા થતી તળપદ કલા છે. આદિવાસી રાઠવા સંસ્કૃતિનું પૂર્ણ રૂપે રજુ કરતી લોકપ્રિયતાના શિખરો સર કરી બેઠેલો પીઠોરોકલાના ચિત્રો દુનિયાભરમાં ડંકો વગાડ્યો છે. જે પ્રદેશમાં આ કલા પરંપરાગત પાંગરી છે એ પ્રદેશ અને એની લોકકલાની પાછળથી ઓળખ આપવાનો આ નાનકડો પ્રયાસ છે.

**સંદર્ભ સૂચી**


૧ ચંદાવરકર પુષ્કર, લોક રંગ, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, ૧૯૮૪ .

૨. જાદવ જોરાવરસિંહ, લોકજીવન કલા અને કસબ, ગાંધીનગર, ૨૦૦૪.

૩. ઠક્કર મીનાક્ષી, આદિવાસી વિકાસ અને વન, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ,૨૦૦૯.

૪. તડવી રેવાબેન, આદિવાસીઓનનો કલાવારસો, વડોદરા, ૧૯૭૯.

૫. તડવી રેવાબેન, આદિવાસી સંસ્કૃતિ નો સ્વાધ્યાય, વડોદરા, ૧૯૭૯.

૬. તડવી શંકરભાઈ સોમાભાઈ, પાલના રાઠવા, જેતપુરપાવી ૧૯૭૭.

૭. દવે હર્ષિદા, માનવશાસ્ત્ર, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ ,૨૦૦૫.

૮. નાયક કનુભાઈ, ભારતીય ચિત્ર કલા એક રૂપરેખા, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ ૧૯૯૭.

૯. નાયક કનુભાઈ, કલા, પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ,૧૯૯૨.

૧૦. મકવાણા રઘુવીર, ગુજરાતના ભીંતચિત્રો ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ૨૦૦૩.

૧૧. આદિવાસી કલા મહોત્સવ,૧૯૮૪.

૧૨. પટેલ ભગવાનદાસ, આદિવાસી ઓળખ, માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

૧૩. અરુણ વાઘેલા, પંચમહાલના આદિવાસીઓની વિકાસ યાત્રા, રાધિકા પબ્લીકેશન, ગોધરા

૧૪. Gazetteer of the Bombay presidency, volume 3 and 4, Bombay. 1879 -80

૧૫. जैन रोशन लाल, वनवासी भील और उनकी संस्कृति, जयपुर,

૧૬. मेहता प्रकाश चंद्र, भारत के भारत के आदिवासी, शिवा पब्लिकेशन, उदयपुर.